GJGS020010252022

-: સ્પે. દિ. મુ. નં. ૦૬/૨૦૨૨ ના કામે આંક-૦૫ લગત હુકમ :-

(૦૧) અરજી વંચાણે લીધી, વાદી અને પ્રતિવાદીનાં વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. કેસનું રેકર્ડ જોયું, હાલની અરજી વચગાળાનાં તબકકે મનાઈહુકમ મેળવવા માટે દાખલ કરેલી છે.

(૦૨) આ કામે વાદીએ દાવા સાથે સિવિલ પ્રોસીજર કોડ ઓર્ડર-૩૯ રૂલ-૧, ૨ તથા કલમ-૧૫૧ અન્વયે વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ માટે અરજી કરેલી છે. જે અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદીએ આ કામના પ્રતિવાદીઓ સામે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદ કરાવવા અને કરારનું વિશેષ પાલન કરાવવા તેમજ ડેકલેરેશન તથા કાયમી મનાઈહુકમ મળવા દાવો દાખલ કરેલ છે. જે દાવા અરજીમાં લખી તમામ વિગતો બિલકુલ સત્ય અને ખરી છે. જે દાવાને આ અરજીનો એક ભાગ ગણી લઈ આ અરજીની સુનાવણી વખતે ધ્યાને લેવા નમ્ર અરજ છે તેમ જણાવી વાદીએ હાલની અરજીમાં દાવામાં જણાવેલ હકીકતો મુજબની જ હકીકત જણાવેલ હોય દાવા માહેની હકીકતોનું અહીં પુનરાવર્તન ન થાય તે હેતસુર તેનો અહીં વિગતવાર ઉલ્લેખ કરેલ નથી. વાદીએ હાલની અરજીમાં વિશેષમાં જણાવેલ છે કે, વાદીનો વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેનો પ્રાઈમાફેસી કેસ છે, તેમજ હાર્ડશીપની દષ્ટિએ પણ વાદીનો ખુબ જ કેસ મજબુત અને સબળ છે. ઈરીપેરેબલ લોસ, લીગલ ઈન્જરી તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સની દષ્ટિએ જોઈએ તો પ્રતિવાદીઓ સામે મનાઈ હુકમ ફરમાવવામાં આવે નહીં અને આ કામના

પ્રતિવાદીઓ દાવો ચાલતા દરમ્યાન સદરહુ દાવાવાળી મિલકત અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે ટ્રાન્સફર કરી નાખે અગર તો મિલકત ઉપર બોજો ઉભો કરી દે તો વાદીને તેઓના હકક, હિતના રક્ષણ માટે અનેક દાવાદુવી કરવા પડે અને તે રીતે વાદીને ખુબ જ મોટી નુકશાન વેઠવાનો વારો આવે તેમ છે અને તેથી વાદીને પારાવાર નાણાંમાં ન આંકી શકાય તેવું ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે. જો પ્રતિવાદીઓ ફરી વખત બોગીસ અને બનાવટી દસ્તાવેજના આધારે અન્ય કોઈના હકક, હિત ઉભા કરે તો વાદીને ખુબ જ મુશ્કેલી થાય તેમ છે એટલે વચગાળાનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને કાયમી પ્રકારનું નાણાંમાં ન વાળી શકાય તેવું ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે, જયારે માગ્યા મુજબ વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી તેવા તમામ સંજોગોમાં ઈરીપેરેબલ લોસ, લીગલ ઈન્જરી તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સની દ્રષ્ટિએ વચગાળાનો મનાઈ હુકમ આપવા માટે વાદીનો પ્રાઈમીફેસી કેસ છે. જેથી પ્રતિવાદીઓ સામે હાલની અરજી કરવા વાદીને ફરજ પડેલ છે. ઉપરોકત કારણોસર અરજ કરેલ છે કે, (એ) આ કામના પ્રતિવાદીઓ કે પ્રતિવાદીઓના કુલ–મુખત્યાર, કુટુંબીઓ, વંશ વારસો કે પ્રતિવાદીઓ થકી અન્ય કોઈપણ સદર મનાઈ હુકમ મળવાની અરજી પેરા–ર માં જણાવેલ વિગત વર્ણન અને હદદિશાવાળી મિલકત કે તે માહેનો કોઈપણ ભાગ અન્ય કોઈને કોઈપણ રીતે તબદીલ, ટ્રાન્સફર, એસાઈન, ગીરો, બક્ષીસ કરે, કરાવે નહીં કે આ જામીન ઉપર કોઈપણ જાતના બોજા, લોન, ધીરાણ ઉભા કરે કરાવે નહીં તેમજ વાદીના કાયદેસરના કબજામાં કોઈ જાતની હરકત, અંતરાય ઉભી કરે, કરાવે નહીં કે દાવાવાળી જગ્યામાં કોઈપણ પ્રકારનું બાંધકામ કરે કરાવે નહીં તેવો દાવો ચાલતા સુધીનો વચગાળાનો મનાઈ હુકમ આ કામના પ્રતિવાદીઓ સામે ફરમાવવા નમ્ર અરજ છે. (બી) આ અરજી અંગે મળી શકતી સઘળી તેમજ વિશેષ દાદ અપાવવા તથા (સી) આ અરજીનું તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ છે.

(૦૩) આ કામનાં પ્રતિવાદીઓ તરફે આંક–૩૭ થી લેખિત વાંધા જવાબ રજૂ કરવામાં આવેલ છે. જેમાં પ્રતિવાદીઓ તરફે એવી રજૂઆત કરેલી છે કે, વાદીનો દાવો ખરો કે કાયદેસરનો નથી, વાદીનો હાલનો દાવો તથા મનાઈ હુકમની અરજી લાવવા કોઈ હકક, અધિકાર પ્રાપ્ત ન હોવા છતાં મિલકતને વાદગ્રસ્ત બનાવવા અને પ્રતિવાદીઓ પાસેથી પૈસા હળપ કરવાના એકમાત્ર બદઈરાદે હાલનો દાવો દાખલ કરેલ હોય તેમજ વાદી દ્વારા રજૂ કરવામાં આવેલ સાટાકરાર અનરજીસ્ટર્ડ તેમજ બોગસ છે, જે સાટાકરાર પ્રતિવાદીઓને કોઈપણ રીતે બંધનકર્તા નથી. આથી સદરહુ સાટાકરાર પ્રથમથી જ નલ ઈન વોઈડ છે, આથી વાદીનો દાવો હાલ નિરર્થક અને બિનઅસરકાર છે, આથી મનાઈ હુકમ અને દાવો રદ થવા પાત્ર હોય આથી વાદીની મનાઈ હુકમની અરજીના જે જે મજકુરોના ખરાપણાનો સ્પષ્ટપણે સ્વીકાર કરે તે સિવાય હકીકતોનો પ્રતિવાદીઓ સ્પષ્ટપણે ઈન્કાર અને અસ્વીકાર કરે છે, કબૂલ રાખતા નથી. ખરી હકીકતે વાદી ચેનકેન પ્રકારે પ્રતિવાદી નં. ૧ ના પાસેથી સદરહુ પ્લોટ પચાવવા માગતા હોય આથી નલ ઈન વોઈડ સાટાકરારના આધારે હાલનો દાવો દાખલ કરેલ છે, જે દાવો લાવવા વાદીને કોઈ હકક અધિકાર જ નથી. વાદીએ દાવો દાખલ કરતા પહેલા કાયદાકીય પ્રક્રિયા અનુસરેલ નથી. વાદી જયારે કહેવાતા કરારના પાલન માટે દાવો લાવેલ હોય ત્યારે તેમણે સાટા કરાર મુજબની શરતોનો પાલન કરવા અર્થે નોટીસ આપવી જોઈએ તેવી કોઈ નોટીસ વાદીએ પ્રતિવાદી નં. ૧ કે પ્રતિવાદી નં. ૨ થી ૩ નાને આપેલ નથી અને કોઈ વાજબી કારણ વગર હાલનો દાવો દાખલ કરી દીધેલ છે. તેમજ વાદી તેમના દાવા અરજીમાં કહેવાતા પ્લોટ વેચાણ પેટે તેમણે પ્રતિવાદી નં. ૧ ને અવેજની રકમ આપેલ હોવાની હકીકત બિલકુલ ખોટી અને જુઠી જણાવે છે. તેમજ વાદી તેમની દાવા અરજીમાં જણાવે તે મુજબની કોઈ અવેજની પુરેપુરી રકમ પ્રતિવાદી નં. ૧ ને મળેલ નથી કે તેવી કોઈ રકમ પ્રતિવાદી નં. ૧ ને મળેલ હોય તે અંગેની તેઓએ કોઈ પહોંચ લખી આપેલ નથી કે તેઓના વતી કોઈને પૈસા સ્વીકારવા તેઓએ કોઈને સતા, અધિકાર આપેલ નથી. આમ જયારે વાદી તેમના દાવા અરજીમાં જે પુરેપુરી અવેજની રકમ

ચુકવી આપેલ હોવાનું જણાવે છે, તેવી કોઈ કહેવાતી અવેજની રકમ પ્રતિવાદી નં. ૧ ને મળેલ હોય તેવો કોઈ દસ્તાવેજી આધાર પુરાવો સદરહુ દાવાના કામે રજૂ કરેલ નથી. આથી પણ પ્રાથમિક રીતે પણ અવેજ પ્રતિવાદી નં. ૧ નાને મળેલ હોય તેવું સાબિત થતું નથી. તેમજ માર્ક–૩/૨ વાળું સાટાકરાર અનરજીસ્ટર્ડ છે જેને પુરાવામાં વંચાણે લઈ શકાય નહીં. આથી પણ વાદીની વચગાળાની મનાઈ હુકમની અરજી ટકવાપાત્ર નથી. તેમજ પ્રતિવાદી નં. ૨, ૩ ના સદરહુ વાદગ્રસ્ત પ્લોટ જમીનના શુધ્ધબુધ્ધિપૂર્વકના ખરીદનાર છે, પ્લોટ જમીનનું ટાઈટલ જોવામાં આવે તો પ્રતિવાદી નં. ૧ ના સદરહુ વાદગ્રસ્ત પ્લોટ જમીનના ખરા અને વાસ્તવિક માલિક છે અને સદરહુ જમીનનો શાંત, પ્રત્યક્ષ કબજો પણ તેમની પાસે હતો અની આથી તેમણે પ્રાપ્ત માલીકી હકક અને અધિકારની રૂએ સદરહુ પ્લોટ જમીન પ્રતિવાદી નં. ૨, ૩ નાને વેચાણ કરી આપેલ છે અને જે સંબંધે પ્રતિવાદી નં. ૨, ૩ નાએ પ્રતિવાદી નં. ૧ નાને પુરતુ અવેજ ચુકવી આપેલ છે અને અવેજ મુજબ થતી ગુજરાત રાજયની સ્ટેમ્પ ડયુટી પણ ભરપાઈ કરેલ છે અને સદરહુ વેચાણ દસ્તાવેજ કરતી વખતે સદરહુ પ્લોટ જમીનના વેચાણ સામે કોઈ મનાઈ હુકમ ચાલુ ન હતો, આથી તે વેચાણ વ્યવહાર, દસ્તાવેજ કાયદાકીય ર્દષ્ટિએ સંપૂર્ણ રીતે ખરા અને યોગ્ય છે, આથી પણ વાદી એ ઉભુ કરેલ સાટાકરાર પ્રતિવાદી નં. ૨, ૩ નાને કોઈ રીતે બંધનકર્તા નથી અને હાલ સદરહુ પ્લોટ જમીનનો કબજો પણ પ્રતિવાદી નં. ૨, ૩ ના પાસે જ છે, પરંતુ વાદીએ યોજનાબધ્ધ રીતે દાવો નામદાર કોર્ટમાં દાખલ કરી અને રોજકામ કરાવતી વખતે તેમની કાર તેઓના ખુલ્લા પ્લોટમાં રાખી અને જતા રહેલા હતા અને આમ માત્ર કાર રાખી દેવાથી વાદીઓ પલોટ જમીન પર પોતાનો કબજો સાબિત કરી શકતા નથી. વાદીએ કહેવાતા માર્ક–૩/૨ વાળા સાટાકરારના આધારે હાલનો દાવો લાવેલ છે, તે સાટાકરાર તથા દાવા અરજીમાં જે અવેજની રકમ ચુકવી આપેલ હોવાનું જણાવે છે, તે પ્રાથમિક રીતે પણ શંકાસ્પદ છે, કારણ કે નાણાં સ્વીકારનાર તરીકે પ્રતિવાદી નં. ૧ ની કોઈ જગ્યાએ સહી નથી. આમ, વાદી દ્ધારા જણાવવામાં આવેલ સમગ્ર વ્યવહાર પ્રાથમિક રીતે પણ સાબિત

થતો નથી. જયારે વાદી દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજોના આધારે પ્રતિવાદી નં. ૨, ૩ ના સદરહુ પ્લોટ જમીનના માલિક અને કબજો ભોગવટેદાર હોવાનું સાબિત થાય છે, આથી પણ આ તબકકે વાદીએ માગ્યા મુજબની વચગાળાનો મનાઈ હુકમ વાદીને મળવા પાત્ર નથી અને જો વાદીને માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો તેનાથી પ્રતિવાદી નં. ૨, ૩ નાને પ્રાપ્ત બંધારણીય તેમજ કાયદાકીય પ્રાપ્ત માલીકી હકકો પર તરાપ પડે તેમ હોય અને પ્રતિવાદી નં. ૨, ૩ નાને નાણાંમાં ન વાળી શકાય તેવું ઘણું જ મોટું આર્થિક નુકશાન જાય તેમ હોય આથી પણ વાદીની વચગાળાની મનાઈ હુકમની અરજી ખર્ચ સહિત રદ કરવા નમ્ર અરજ છે. તેમજ વાદી સપ્રેશન ઓફ મટીરીયલ્સ ફેકટસ સાથે નામદાર કોર્ટ સમક્ષ આવેલ હોય, ચોખ્ખા હાથે ન્યાય મેળવવા આવેલ નથી. તેમજ ખોટી હકીકત નામદાર કોર્ટ સમક્ષ લાવી અને નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરી રહયા છે. તેથી સમન્યાયનાં સિધ્ધાંત અનુસાર વાદી ઈકવીટી પ્રકારની રીલીફ મેળવવા હકકદાર નથી. ઉપરોકત સમગ્ર હકીકતે વાદીની મનાઈ હુકમની અરજી રદ થવા પાત્ર હોય રદ કરવા અરજ છે. તેમજ વાદી નલ ઈન વોઈડ પ્રકારનું સાટા કરારના આધારે હાલનો દાવો લાવી તેઓની કિંમતી પ્લોટ જમીન પચાવી પાડવા ષડયંત્ર રચી અને તેઓને માનસિક તેમજ શારીરિક રીતે હેરાન પરેશાન કરી અને તેઓની માલીકીની પ્લોટ જમીનને વાદગ્રસ્ત બનાવવા પ્રયાસો કરતા હોય જે બદલ નામદાર કોર્ટને ઉચિત લાગે તે મુજબની સ્પેશ્યલ કોસ્ટની રકમ સી.પી.સી. કલમ–૩૫ અનુસાર તથા ખર્ચની રકમ વાદી પાસેથી પ્રતિવાદીઓને અપાવવા હુકમ ફરમાવવા નમ્ર અરજ છે.

(૦૪) આ કામે વાદીના વિ.વ.શ્રી એ. બી. થાનકીએ આંક–૩૮ થી લેખિત દલીલ રજૂ કરેલ છે. જે વંચાણે લીધી.

(૦૫) આ કામે પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી ડી. પી. ચાવડાએ આંક–૪૦ થી લેખિત દલીલ રજૂ કરેલ છે. જે વંચાણે લીધી.

(૦૬) હાલની અરજીનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

-:: મુદ્દાઓ ::-

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીનાં લાભમાં છે?

(૩) જો મનાઈ હુકમ આપવામાં ના આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાનો સંભવ છે?

(૪) શું હુકમ?

(૦૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) '' નકારમાં '',

(૨) '' નકારમાં '',

(૩) '' નકારમાં '',

(૪) આખરી હુકમ મુજબ.

(૦૮) ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

-: કા ર ણો :-

મુદ્દા નં. ૧ થી ૩ ની સંયુકત ચર્ચા:-

(૯) સદર અરજીનાં કામે ઉપરોકત તમામ મુદ્દાઓ એકબીજા સાથે સીધી રીતે સંકળાયેલા હોય સરળતા ખાતર તે તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૯.૧) એ સર્વવિદિત બાબત છે કે, સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ ની વચગાળાની મનાઈ અરજીનાં નિર્ણય માટે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ મનાઈ હુકમ જેવી ઈકવીટેબલ દાદ મંજૂર કરવાની હોય ત્યારે કોર્ટે મુખ્યત્વે ત્રણ પાસાઓ ઘ્યાનમાં લેવા જરૂરી છે જેમાં (૧) પ્રાઈમાફેસી કેસ, (૨) બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને (૩) ઈરરીપેરેબલ લોસ, આ મુખ્ય ત્રણ બાબત અદાલતે લક્ષમાં લેવાની છે, કારણ કે માંગવામાં આવેલી દાદ એ ઈકવીટેબલ એટલે કે સમન્યાયની દાદ છે.

(૯.૨) મનાઈ અરજીની દાદ એ ઈકવીટેબલ દાદ છે અને આવી સમન્યાયની દાદ તેને જ મળી શકે જે સમન્યાયનું આચરણ કરે. ઉપરાંત જે સમન્યાયની દાદ મેળવવા આવતા હોય તેણે ચોખ્ખા હાથે આવવું જોઈએ તથા કોઈ હકીકતો છુપાવવી જોઈએ નહિં, તેવો પણ સિધ્ધાંત છે અને કોર્ટ આવી મનાઈ અરજીનો નિર્ણય કરતી વખતે પક્ષકારોનું આચરણ પણ ઘ્યાને લેતી હોય છે. જો કોઈ વ્યકિત સમન્યાયની દાદ લેવા આવે અને કોઈ મહત્વની હકીકત છુપાવે તો તેવા સંજોગોમાં કોર્ટ મનાઈ હુકમ જેવી દાદ આપે નહિં.

(૯.૩) ઉપરોકત રીતે સમન્યાયનું આચરણ કરીને આવેલો વ્યકિત જયારે પ્રથમ દર્શનીય રીતે પોતાની હકીકત બતાવે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા ઈરરીપેરેબલ લોસ તેને થઈ રહયો છે તેવું બતાવે ત્યારે મનાઈ હુકમ જેવી દાદ મેળવવા હકકદાર બને.

(૯.૪) અહિં હાથ પરનાં કેસમાં પોતાનો પ્રથમદર્શનીય કેસ બતાવવા માટે વાદીએ મુખ્યત્વે આંક–૦૩ નાં લીસ્ટથી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજૂ કરેલ છે. જેમાં નિ–૩/૧ થી પ્રતિવાદી નં. ૧ ના નામનું બ્લોક નં. ૧ નું વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૨૦૧૪ ની ઝેરોક્ષ નકલ, નિ–૩/૨ થી પ્રતિવાદી નં. ૧ નાએ વાદી જોગ કરી આપેલ બ્લોક નં. ૧

નું સાટાકરાર દસ્તાવેજની ઝેરોક્ષ નકલ, નિ–૩/૩ થી વાદીએ દૈનિક ન્યુઝ પેપર ફુલછાબ માં આપેલ જાહેર નોટીસની ઝેરોક્ષ નકલ, નિ–૩/૪ થી ખખ્ખર ન્યુઝનું જાહેર નોટીસ અન્વયેના બીલની ઝેરોક્ષ નકલ, નિ–૩/૫ થી પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૨ તથા ૩ ના નામ જોગ કરી આપેલ વેચાણ દસ્તાવેજ રજી. નં. ૮૨ ની ઝેરોક્ષ નકલ, નિ–૩/૬ થી વાદીએ પ્રતિવાદીઓ સામે કરેલ પોલીસ ફરિયાદની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે. આ કામે વાદી તરફે નિ–૩/૨ થી આ કામના વાદી તથા પ્રતિવાદી નં. ૧ વચ્ચે થયેલ કબજા વગરનો કરાર દસ્તાવેજ જોવામાં આવે તો આ કામના વાદી તથા પ્રતિવાદી વચ્ચે પ્લોટ નં. ૧૧૧ ની પૂર્વદી જમીન ચો. વાર ૩૦૬–૦૦ ઉપર બનાવેલ ત્રણ બ્લોકો પૈકી ઉતરાદી તરફનો બ્લોક નં. ૧ ચો. વાર ૧૦૨–૦૦ આવેલ ભોયતળીયા સિવાય પ્રથમ માળ નું જુના બાંધકામવાળું મકાન વેચાણ આપવા કરાર થયેલ હોવાનું જણાય આવે છે. આ કામે કરાર મુજબ રૂા. ૬૫,૨૬,૦૦૦/– માં વાદી તથા પ્રતિવાદી વચ્ચે સોદો થયેલ હોવાનું જણાય આવે છે. આ કામે નિ–૩/૨ વાળો કરાર તા. ૧૪/૧૦/૨૦૨૦ ના રોજ થયેલ છે અને તેમાં વાદી તથા પ્રતિવાદી નં. ૧ ની સહી હોવાનું જણાય આવે છે. હવે, આ કામે સદર કરારમાં પેઈજ નં. ૧ ની પાછળના ભાગે રૂા. ૫,૦૦,૦૦૦/– પુરા રોકડા ચુકવેલ હોવાનું લખેલ છે અને તેની નીચે સહી જોવામાં આવે તો તે સહી નિ–૩/૨ વાળા લખાણમાં સાખ તરીકે સહી કરનાર વ્યકિતની હોવાનું જણાય આવે છે. આ ઉપરાંત આ લખાણની નીચે ચેકની રકમ પેટે રૂા. ૨૧,૦૦,૦૦૦/– (એકવીસ લાખ રૂપિયા) ચુકવવાના રહેશે(સાટાખત મુજબ) લખેલ હોવાનું અને તેની નીચે પણ સાખ કરનાર વ્યકિતની સહી હોવાનું જણાય આવે છે. તદ ઉપરાંત આ લખાણની નીચે તા. ૨૯/૧૦/ ૨૦૨૦ ના રોજ સાટાખત મુજબ રૂા. ૨૬,૦૦,૦૦૦/– ના ચેકમાંથી રૂા. ૫,૦૦,૦૦૦/– (પાંચ લાખ રૂપિયા મળેલ છે) અને હવે બાકી ચેકની રકમમાં ૧૬,૦૦,૦૦૦/– દેવાના રહેશે (એટલે અરવિંદભાઈ ધનજીભાઈ જોબનપુત્રાએ લેવાના રહેશે.) તેવું લખેલું છે અને

તેની નીચે પણ સહી સાખમાં કરેલ વ્યકિતની હોવાનું જણાય આવે છે. આમ, આ કામના વાદીએ પેઈજ નં. ૧ ની પાછળ જે ત્રણ લખાણ જણાવેલા છે તેમાં આ કામના પ્રતિવાદી અરવિંદ ધનજીભાઈ જોબનપુત્રાની સહી હોવાનું જણાય આવતું નથી અને આ સહીઓ આ લખાણમાં સાખ તરીકે સહી કરનાર વ્યકિતની હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. આ સંજોગોમાં આ કામના પ્રતિવાદીને ઉપરોકત લખાણ મુજબની રકમ મળેલ હોવાનું હાલના તબકકે જણાય આવતું નથી. આમ, જયારે નિ–૩/ર વાળા કબજા વગરના સાટાકરાર મુજબ આ કામના પ્રતિવાદી નં. ૧ ને રકમ મળેલ હોવાનું હાલના તબકકે જણાય આવતું ન હોય ત્યારે વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાય આવતું નથી. આ કામે વાદી દ્ધારા દાવાવાળા મકાનનો કબજો તેઓની પાસે હોવાનું જણાવેલું છે, પરંતુ આ કામના વાદી દ્ધારા નિ–૩/ર થી રજૂ કરેલ કબજા વગરનું કરાર દસ્તાવેજ જોવામાં આવે તો આ કરાર કબજા વગરનું થયેલ હોવાનું ખુદ વાદી તરફે રજૂ કરવામાં આવેલ છે, ત્યારે તે કરારના આધારે વાદીનો દાવાવાળા મકાનમાં કબજો હોવાનું માની શકાય નહીં. આમ, નિ–૩/ર વાળું લખાણ ધ્યાને લેવામાં આવે તો વાદીની હાલની અરજી મુજબ પ્રતિવાદી નં. ૧ ને વાદીએ રકમ ચુકવેલ હોવાનું હાલના તબકકે જણાય આવતું ન હોય ત્યારે અને નિ–૩/ર વાળો કરાર કબજા વગરનો હોય ત્યારે વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાય આવતું નથી. આ કામે વાદીએ રજૂ કરેલ નિ–૩/ર વાળા કરાર મુજબ આ કામના વાદીને વચગાળાનો મનાઈ હુકમ ન આપવાથી વાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જતું હોવાનું પણ જણાય આવતું નથી. આ કામે પ્રતિવાદી નં. ૧ ને દાવાવાળું મકાન પ્રતિવાદી નં. ર તથા ૩ ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી આપેલ છે ત્યારે સગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં હોવાનું જણાય આવતું નથી. તે સંજોગોમાં આ કામે વાદીની અરજી તથા રજૂઆત ધ્યાને લેતાં આ કામે વાદી પોતાનો કેસ પ્રથમદર્શનીય કેસ હોવાનું પુરવાર કરી શકેલ નથી અને સગવડતા–અગવડતાની સમતુલા

પણ પોતાની તરફેણમાં હોવાનું બતાવી શકેલ નથી અને નાણાંમાં નુકશાન થઈ શકે તેવું બતાવી શકેલ ન હોય તે સંજોગોમાં વાદીને માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ આપવો ન્યાયોચિત જણાતું ન હોય, **મુદ્દા નં. ૧ થી ૩** નો જવાબ '' **નકારમાં** '' આપું છું અને **મુદ્દા નં. ૪** પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

–:: આખરી હુકમ ::–

- વાદીની આંક–૫ ની વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેની અરજી આથી '' **નામંજૂર** '' કરવાનો હુકમ કરવામાં આવે છે.
- ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજ તા. ૧૪મી, માહે–મે, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : વેરાવળ.
તારીખ : ૧૪/૦૫/૨૦૨૪

(અલારખા અલીભાઈ રૂંઝા)
એડી. સિનિયર સિવિલ જજ,
મુ. વેરાવળ.
(કોડ નં. જીજે૦૧૧૫૦)